## આજે આપનું અખબાર ૩૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે...


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧ | ૧૨ માર્ચ, ૨૦૨૨, શનિવાર; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૧૬ કિંમત રૂ. ૩.૦૦


## અમારો ઉમળકો...

પ્રણામ,

આજે 'ગાંધીનગર સમાચાર' ૩૭મા વર્ષમાં પ્રવેશે છે ત્યારે આપના પ્રેમ-હૂંફ અને આશિર્વાદને અંતરના ઉંડાણથી પ્રણામ કરીએ છીએ. વર્ષગાંઠ એટલે વિતેલી ક્ષણોને વાગોળવાનો અને આવતી ક્ષણોને આવકારવાનો દિવસ..! સકારાત્મક અને સર્જનાત્મક હેતુ સાથે આરંભાયેલી આ સમાચારયાત્રા આજે ૩૭મા વર્ષના બારણે ઉભી છે ત્યારે વીતેલી ક્ષણોને સ્મૃતિમાં અકબંધ રાખીને આવતીકાલને પોંખવાની તત્પરતા વ્યક્ત કરીએ છીએ.

સમાચાર વિશ્વમાં માધ્યમોની ભૂમિકા બદલાતી રહી છે. એટલું જ નહીં પરંતુ સ્વરૂપો અને સ્ત્રોત પણ બદલાતા જાય છે. સોશિયલ મિડીયાની હરણફાળ દોડ અને ઈલેક્ટ્રોનિક મિડીયામાં ચાલતો સ્પર્ધાત્મક ભાવ પ્રિન્ટ મિડીયાને હંફાવે એ સ્વાભાવિક છે. પરંતુ સંતોષ અને વિશ્વાસ પ્રિન્ટ મિડીયાને ટકાવે છે એ એટલી જ સાચી વાત છે. 'ગાંધીનગર સમાચાર' તો એક નાનકડું અખબાર છે, એટલે વિશ્વની વાત મોટી પડે એ એટલી જ સાચી વાત છે. પરંતુ અદ્યતન ઉપકરણોના ઝળહળાટની વચ્ચે પણ ટમટમતા કોડિયાનું અસ્તિત્વ હજુ પણ જળવાયું છે અને જળવાશે જ..! અને એટલે જ આદરપુર્વક કવિવર રવિન્દ્રનાથ ઠાકુરની કવિતાનો ઉલ્લેખ રજુ કરવાની ઈચ્છા થાય છે.

''કોડિયું કહે છે આમને જ્યાં લઈ જશો,
ત્યાં અમે પ્રકાશ પાથરશું...''

બસ આજ વિચાર સાથે 'ગાંધીનગર સમાચાર' આપની નજરોનાં અજવાળામાં ટમટમે છે. આપ જેટલું પ્રસરાવશો એટલું પ્રસરવા અમે આતુર છીએ.

સંકલ્પસિદ્ધિની યાત્રામાં સતત પડછાયાની જેમ સાથે રહેતાં સ્ટાફ પરિવારને વ્હાલપુર્વક બિરદાવું છું.

'ગાંધીનગર સમાચાર'ના વિચાર દિપને ટમટમતો રાખવામાં સતત સ્નેહ અને સહયોગનું સિંચનકર્તા સૌ વિજ્ઞાપનદાતાઓ...વાંચકો... અને શુભેચ્છકોને અંતરના ઉમળકાથી વંદન પાઠવું છું.

- કૃષ્ણકાન્ત જહા
મેનેજીંગ એડીટર

# રાજ્યના દરેક ગામમાં ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે : પ્રધાનમંત્રી મોદી

### 'મારું ગામ, મારું ગુજરાત' થીમ પર પંચાયત મહાસંમેલન

### સમગ્ર રાજ્યમાંથી ગ્રામપંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયત, નગરપાલિકા-મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો હાજર રહ્યા





અમદાવાદ, તા.૧૧ વડાપ્રધાન મોદીએ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ પર મારું ગામ, મારું ગુજરાત થીમ પર યોજાયેલા પંચાયત મહાસંમેલનમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સ્વરૂપે દરેક ગામમાં ૭૫ વૃક્ષો વાવવા માટે ગામના આગેવાનોને અપીલ કરીને કહ્યું કે, ગુજરાતના ગામડાઓમાં અમૃત મહોત્સવનું આવું નાનકડું પણ મોટું કામ કરવું જોઈએ. દરેક ગામમાંથી ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા માટે તૈયાર થાય. ખેતરમાં કેમિકલ નાખવાનું બંધ કરીને ધરતી માને પીડામાંથી મુક્ત કરવાની જવાબદારી આપણી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, 'અહીં મોટા ભાગે બહેનો છે અને ગુજરાતનું સદ્ભાગ્ય છે કે ગુજરાતની પંચાયત વ્યવસ્થામાં પુરૂષો કરતા મહિલાઓ વધુ

● અનુસંધાન-૧૫ પર

## સાદર નિમંત્રણ છે

આજે 'ગાંધીનગર સમાચાર'ની ૩૭મી વર્ષગાંઠે
સૌને પ્રણામ પાઠવીએ છીએ....
૩૬ વર્ષની સમાચાર યાત્રાના સૌ સ્નેહીજનોનો
અંતરના ઉમળકાથી આભાર માને છે
અને હા..!
આજે વર્ષગાંઠ નિમિત્તે જ
મ્હોં મીઠું કરવા
ઉમળકાભર્યુ આમંત્રણ છે.
આપના આશિર્વાદ અભિલાષીએ છીએ.

- ગાંધીનગર સમાચાર પરિવાર





